## ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા
## એન.એચ.એમ પ્રોગ્રામ
## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

### વૉક ઇન ઇન્ટરવ્યું

રાષ્ટ્રીય આરોગ્ય મીશન (NHM) પ્રોગ્રામ અંતર્ગત વડોદરા મહાનગરપાલિકાનાં શહેરી પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૧ માસનાં કરાર આધારીત તદન હંગામી ધોરણે નીચે મુજબની જગા ભરવા લાયકાત ધરાવતા ઉમેદવારોએ પોતાની અરજી, બાયોડેટા, લાયકાતના તેમજ જાતિના તમામ ઓરીજીનલ પ્રમાણપત્રો, તેમજ તમામની પ્રમાણિત નકલ અને બે પાસપોર્ટ સાઇઝના ફોટા સાથે નીચે જણાવેલ સ્થળે અને સમયે હાજર રહેવું.

**૧ જગ્યાનું નામ : અર્બન મેડીકલ ઓફિસર**
જગ્યાની સંખ્યા : ૨ (અ.જ.જા.-૦૨)
માનદ પગાર : ૫૦,૦૦૦/- માસિક ફિક્સ પગાર
લાયકાત : : એમ.બી.બી.એસ. , ગુજરાત મેડીકલ કાઉન્સીલમાં રજીસ્ટ્રેશન કરાવેલ હોવુ જરૂરી છે.
**તારીખ:** ૨૦/૧૧/૨૦૧૮
**રીપોર્ટીંગ સમય** : ૦૯:૦૦ **અરજી સ્વીકારવાનો સમય** : ૦૯:૦૦ થી ૧૧:૦૦
**સ્થળ** : - હેલ્થ મ્યુઝિયમ, કમાટીબાગ, વડોદરા

### ભરતી અંગેની જાહેરાત

રાષ્ટ્રીય આરોગ્ય મીશન (NHM) પ્રોગ્રામ અંતર્ગત વડોદરા મહાનગરપાલિકાનાં શહેરી પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૧ માસનાં કરાર આધારીત તદન હંગામી ધોરણે **એએનએમ/એફએચડબલ્યુ**ની કુલ ૨૬(બિ.અ. -૧૬ , શા.શૈ.પ.વ.-૧૦) ખાલી જગા માટેની ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર તા.- 30/૧૦/૨૦૧૮ (00.0૧ કલાક) થી તા. ૦૯/૧૧/૨૦૧૮ (૨૩.૫૯ કલાક) સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત , પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

**નોંધઃ- સબબ ભવિષ્યમાં ખાલી પડનાર/નવી મંજુર જગા ભરવા માટે અન્ય કેટેગરી માટે પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે. ૫૮ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .**

ચેરમેન
એક્ઝક્યુટીવ કમીટી,અ.હે.સો.
અને ડે.મ્યુનિસિપલ કમિશનર(આ.)
વડોદરા મહાનગરપાલિકા

પી.આર.ઓ. નં ૬૦૦/૧૮-૧૯

## ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા
## એન.એચ.એમ પ્રોગ્રામ
## વડોદરા મહાનગરપાલિકા

### સીધી ભરતી માટેની જાહેરાત
### (જાહેરાત ક્રમાંકઃ ૬૦૦/૨૦૧૮-૧૯)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી |
|---|---|---|---|
| ૧ | એ.એન.એમ./એફ.એચ.ડબલ્યું | ૨૬ | સામાન્ય – ૧૬, સા.શૈ.પ.વ. – ૧૦ |

1. **શૈક્ષણિક લાયકાત અને અનુભવ**

ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી બેઝીક FHW/ ANM કોર્સ કરેલ હોવો જોઇએ. ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન કરેલ હોવુ જરૂરી છે. બેઝીક કોમ્પ્યુટર નો સર્ટિફિકેટ કોર્સ કરેલ હોવો જરૂરી છે.

2. **પગાર ધોરણઃ**

રૂ.૧૧,૦૦૦/- માસિક ફિક્સ પગાર

3. **ઉંમરઃ**

૫૮ વર્ષ થી વધુ તેમજ નિર્વૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .

4. **કરારનો સમયગાળોઃ**

૧૧ માસના કરાર આધારીત

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૩૦/૧૦/૨૦૧૮ (૦૦-૦૧ કલાક) થી તા. ૦૯/૧૧/૧૮ (૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. <u>શૈક્ષણિક માહીતી:</u> શૈક્ષણિક માહીતી જો સામેલ Education Qualification Details માં ન હોય તો OTHER1 અને કોમ્પ્યુટર કોર્ષ ની માહીતી OTHER2 માં ભરવી.
4. <u>અનામત</u>: ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ , અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
5. <u>વયમર્યાદા</u>: અરજી સ્વીકારવાની તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
6. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૦૯-૦૨-૧૯૯૬ ના ઠરાવ થી નિયત થયેલ પરિશિષ્ટ-ક ના નમુનામાં નાણાકીય વર્ષ- ૨૦૧૬-૨૦૧૭ નું તા.૦૧-૦૪-૨૦૧૬ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.
7. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબ ક્કે રદ ગણવામાં આવશે.
8. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
9. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC+/CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
10. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
11. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
12. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
13. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/ મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
14. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
15. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૨૯/૧૦/૨૦૧૮

**મેમ્બર સેક્રેટરી**
**એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી,**
**અને અધિક આરોગ્ય અમલદાર**
**વડોદરા મહાનગરપાલિકા**

**ચેરમેન**
**એક્ઝિક્યુટીવ કમિટિ, અર્બન હેલ્થ સોસાયટી,**
**અને ડે.મ્યુ નિસિપલ કમિશ્નર(આ)**
**વડોદરા મહાનગરપાલિકા**